**ફરીથી સોગંદ આપ્યા.....**

**શરૂ-૦૪:૧૭, પુર્ણ-૦૫:૧૦**

**અરજદાર પ્રિયંકાબેન મોહીતભાઈ પરમારની આંક-૩૨ની સરતપાસ લગત સામાવાળાઓ તર્ફે વધુ ઉલટતપાસ વિ.વ.શ્રી વી.જી.રાવલ.**

(૨) એ વાત ખરી છે કે નીશાની-૪૩/૧ના મોહીતભાઈ નટુભાઈ પરમારના મરણના દાખલામા કોલમ નં.૭મા તેઓનુ સરનામુ એસટી બસ સ્ટેશનની પાછળ ગામ હળવદ જી.મોરબી દર્શાવેલ છે.

(૩) હું ધોરણ ૧૦સુધી ભણેલ છુ. આ ધોરણ ૧૦સુધીનો અભ્યાસ મે હળવદ મુકામે કરેલ છે.એ વાત ખરી છે કે મે ધોરણ ૧૦સુધીનો અભ્યાસ હળવદમા કર્યો અને ત્યારબાદ અને મારા ગુજરનાર પતિ પણ હળવદ ખાતે રહેતા હોવાથી અને હું પણ હળવદમા રહેતી હોવાથી મને હળવદના રસ્તાઓની સામાન્ય રીતે જાણકારી છે. હું અત્યારે મહર્ષી ગુરૂકુળ, રાણેકપર રોડ પર રહુ છુ. એ વાત ખરી છે કે હળવદ શહેરમા સામાન્યપણે લોકો ઘણા બધા ગૃહઉદ્યોગો કરતા હોય છે. એ વાત ખરી છે કે તેથી સામાન્ય રીતે કોઈ વ્યકતીને કામગીરી કરવી હોય તો તે સરળતાથી મળી શકે તેમ છે. મારા લગ્ન આ મોહીતભાઈ નટુભાઈ પરમાર સાથે તા.૨૦/૦૫/૨૦૧૨ના વર્ષમા અમદાવાદમુકામે પ્રેમલગ્ન થયેલા. એ વાત ખરી નથી કે અમદાવાદખાતે એટલા માટે અમે લગ્ન કરેલા કારણ કે મારા સાસરીપક્ષની અને મારા પીયરપક્ષની અમારા લગ્ન અંગે સંમતી ન હતી. એ વાત ખરી છે કે મારા મોહીતભાઈ નટુભાઈ પરમાર સાથે લગ્ન થયા ત્યારથી હાલની અરજી કોર્ટમા દાખલ કરી ત્યાં સુધી મે શારીરીક માનસીક ત્રાસ અંગેની કોઈ ફરીયાદ પોલીસ સ્ટેશનમા કરેલ નથી. એ વાત ખરી છે કે મે મારી સરતપાસના સોગંદનામાના પેજ નં.૨ના પેરેગ્રાફ નં.૨મા *આ કામના તમામ સામાવાળા અમોની વિરૂઘ્ધ અમારા પતિના કાન ભરતા અને અમો બંને વચ્ચેના સબંધો બગાડવાનો પ્રયત્ન કરતા, આવા અનેક ત્રાસના લીધે અમો બંને પતિપત્ની અલગ રહેવા ગયેલા,* તેવુ લખેલ છે તે ખરુ લખેલ છે. એ વાત ખરી છે કે અમે પતિપત્ની અલગ મકાનમા રહેવા ગયા બાદ તા.૦૬/૦૪/૨૦૧૬ના રોજ મારા પતિનુ અકાળે અવસાન થયેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી સરતપાસમા ૦૬/૦૩/૧૬ના રોજની તારીખ ટાઈપી

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

ગની ભુલના કારણે લખાયેલ છે. એ વાત ખરી છે કે ત્યારબાદ હું મારા પીયર રહેવા ચાલી ગયેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું છ મહીના બાદ રહેવા ચાલી ગયેલી. એ વાત ખરી છે કે છ મહીના બાદ હું મારા પીયર રહેવા ચાલી ગયેલાની હકીકત મારા સરતપાસના સોગંદાનામામા મે જણાવી નથી. એ વાત ખરી નથી કે મે મારુ દિવ્યાપાર્કવાળુ મકાન અને મોરબી ચોકડી પાસે ઢવાણા રોડ પર આવેલી દુકાન મેળવવા માટે કોઈ કેસ કરેલ નથી. આવા મકાન તથા દુકાન મેળવવા માટે દાખલ કરેલ કેસના કોઈ કાગળો મારી પાસે નથી. એ વાત ખરી છે કે મે કોઈ કોર્ટ કેસ મકાન મેળવવા તથા દુકાન મેળવવા દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે હું છેલ્લા ઘણા વર્ષોથી મારા પિતા સાથે રહુ છુ. એ વાત ખરી છે કે રાણેકપર રોડ અને બસ સ્ટેશન પાછળના વિસ્તાર વચ્ચે ઘણુ અંતર આવેલ છે.

સવાલ:– તમે તમારા સસરાને છેલ્લે કયારે મળેલા?

જવાબ:– દસ પંદર દિવસ પહેલા મારા સસરા મારા દિકરાને મળવા માટે મારા ઘરે આવેલા ત્યારે હુ દુરથી તેમને જોતી હતી પરંતુ વાત કરેલ નથી, મારા સસરા ઘરે આવે ત્યારે ગમે તેવુ વર્તન કરે છે. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમા મારા સસરા મારા ઘરે આવીને મારી સાથે ગમે તેવુ વર્તન કરતા હોવાની કોઈ હકીકત દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાઓએ મને કેસ પરત ખેંચવા માટે દબાણ કરેલ હોય તેવી કોઈ ફરીયાદ મે પોલીસ સ્ટેશનમા દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાઓએ મારા દાગીના, કરીયાવર કે માલ મીલકત લઈ લીધેલ હોય તેવી કોઈ ફરીયાદ મે પોલીસ સ્ટેશનમા દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા પતિના અવસાન બાદ હું આ કામના સામાવાળા નં. ૧ થી ૫ સાથે કયારેય રહેવા ગયેલ નથી.

(૪) એ વાત ખરી નથી કે મારા સરતપાસમા જણાવ્યા મુજબની શારીરીક માનસીક ઘરેલુ હીંસા મારી સાથે આજ દિન સુધી થયેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા નં.૧ અને ૨ સીનીયર સીટીઝન છે. એ વાત ખરી છે કે હું મારુ ભરણપોષણ કરવા માટે કોઈ ધંધો રોજગાર શોધુ તો મળી શકે તેમ છે. એ વાત ખરી છે કે હું કામ ધંધો કરુ તો મારુ ભરણપોષણ કરી શકુ તેમ છુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું બીમાર રહુ છુ. એ વાત ખરી છે કે મારી બીમારી અંગેની કોઈ વિગતો મારા સરતપાસના સોગંદનામામા દર્શાવેલ નથી.

સવાલ:– તમે કોર્ટમા પુરાવો આપવા માટે જાતે એકલા આવેલ છો?

જવાબ:– હું મારા ભાઈ સાથે આવી છુ, દર વખતે મારા પિતા આવે છે પણ મારા પિતાને કેન્સરની તકલીફ હોવાથી મારા પિતા આવેલ નથી.

એ વાત ખરી નથી કે ફકત ને ફકત એકમાત્ર હેરાન  પરેશાન કરવા માટે આટલા લાંબા સમય બાદ આવી ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે હું સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

ફેર તપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૦૬/૦૨/૨૦૨૬.
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ